11 દિવસીય આ સાધનાની નિત્ય આરાધના

- પ્રાત :કાળે નિંદ્રા ત્યાગ બાદ રાઈસી પ્રતિક્રમણ આરાધના
- 40 લોગસ્સ સૂત્રની કાયોત્સર્ગ સાધના
- જીવોની જતના અર્થે વસ્ત્ર પ્રતિલેખન
- સંયમ વંદનાવલી
- ધ્યાન-સાધના
- સદ્ગુરુ મુખેથી પ્રવચન શ્રવણ
- બેઆસણા તપ આરાધના
- દેવસી પ્રતિક્રમણ આરાધના
- જપ સાધના
- રાત્રિ શયન
- 108 નમસ્કાર મંત્ર જપ સાધના
- 24 તીર્થંકર પ્રભુની પ્રાર્થના
- અરિહંત પ્રભુ વંદનાવલી
- ભાવ વિશુદ્ધિ અર્થે સદ્ગુરુ આજ્ઞા આરાધનાની યાચના
- ચિંતન-મનન
- મધ્યાહ્નકાળે નમોત્થુણં સૂત્ર અને લોગસ્સ સૂત્ર સાથે પ્રભુ વંદનાવલી
- મંત્ર સાધના
- સ્વાધ્યાય સાધના
- પ્રભુ ભક્તિ

આવશ્યક નિયમો

- 11 દિવસ સુધી ઘર સંબંધી, દુકાન કે વ્યાપાર સંબંધી કે સંસાર સંબંધી કોઈપણ વાતચીત કરવી નહીં કે કોઈપણ સગાસંબંધીને મળવું નહીં અને સ્વજનો સાથે આવ્યાં હોય તો સાથે રહેવું નહીં.
- 11 દિવસ સુધી સ્નાનનો ત્યાગ કરવો.
- 11 દિવસ દરમ્યાન તેલ માલિશ, શેવીંગ, ઘરેણા આદિ સુશોભનનો ત્યાગ કરવો
- ઉપયોગમાં લેવામાં આવતાં દરેક ઉપકરણોનું અને વસ્ત્રનું જતનાપૂર્વક પ્રતિલેખન કરવું પ્રતિલેખન કર્યા વિનાની વસ્તુનો ઉપયોગ કરવો નહીં
- પ્રતિલેખન કરતાં સમયે મૌન રહેવું
- ચાલતાં સમયે જીવોની જતના કરતાં કરતાં નીચે જોઈને ચાલવું
- ચાલતાં સમયે કાચા પાણી પર, વનસ્પતિ પર, લીલોતરી પર કે બીજ પર પગ ન પડે તે રીતે ચાલવું
- 100 ડગલા કરતાં વધારે ચાલીને આવ્યાં બાદ ઈરિયાવહિયંસૂત્રનો કાયોત્સર્ગ કરવો
- મર્યાદા જળવાય તેવા યોગ્ય શ્વેત વસ્ત્રો પરિધાન કરવા
- દિવસના સમયે નિંદ્રાનો ત્યાગ કરવો
- રાત્રે 6 કલાકથી વધારે નિંદ્રા કરવી નહીં
- સચેત આહાર - પાણીનો ત્યાગ કરવો
- બેઆસણાની આરાધના દરમ્યાન મૌન રાખવું
- બેઆસણા કરતાં સમયે ઓછું ખાઈને ઉણોદરી તપ કરવું અથવા ભોજનના દ્રવ્યોની મર્યાદા કરવી
- ભોજન બાદ થાળી ધોઈને પાણી પી જવું. ત્યાર બાદ થાળી નેપકીનથી લૂછી લેવી
- મોઢું સાફ કર્યા વિના એઠાં મુખથી બોલવું નહીં
- ભોજન કર્યા બાદ તિવિહારના પચ્ચક્ખાણ લેવા
- આસન વિના ક્યાંય બેસવું નહીં
- ઉઘાડે મોઢે બોલવું નહીં
- જુઠું બોલવું નહીં
- પાણીનો ઉપયોગ બની શકે એટલો ઓછો કરવો
- કોઈની વસ્તુ પૂછ્યાં વિના લેવી નહીં
- વિજાતીય વ્યક્તિ સાથે આંખથી આંખ મિલાવીને વાત કરવી નહીં કે જોવુ નહીં
- અરિસામાં મોઢું કે કાયાને જોવી નહીં
- સૂર્યાસ્ત બાદ એક સ્થાને બેસી જવું. અનિવાર્ય કારણ સિવાય હલન-ચલન કરવું નહીં જરૂરી કાર્ય હોય તો ગુચ્છા / રજોહરણથી ભૂમિ પૂંજતાં પૂંજતાં જવું
- દિવસ દરમ્યાન થઈ ગયેલી ભૂલોને યાદ કરીને સાંજના સમયે આલોચના બુકમાં લખવી

વિશેષ નોંધ

- આરાધકોએ 03.01.2021 સાંજે 6:00 કલાક સુધી પરમધામ પહોંચી જવાનું રહેશે.
- આરાધકોએ ભાવ સંયમ સાધના દરમ્યાન મૌન રાખવાનું રહેશે.
- આરાધકોએ પૂર્ણ શ્વેત વસ્ત્રો પહેરવાના રહેશે.
- આરાધકો માટે રહેવા તથા જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
- આરાધકોએ પોતાના માટેના શ્વેત વસ્ત્રો, સૂવા માટે ચટ્ટાઈ અને બ્લેંકેટ લાવવાનું રહેશે.
- આરાધકોએ દરેક નિત્યક્રમ જેમ કે નૌકારશી, ચૌવિહાર, પ્રતિલેખન, કાઉસગ્ગ, પ્રતિક્રમણ (સવાર અને સાંજનું), માળા, વંદના, પ્રાર્થના, ધ્યાન આદિ સમયસર અને નિયમ પ્રમાણે કરવાના રહેશે.
- આરાધકોએ ફરજિયાત મોબાઈલ સ્વીચ ઑફ રાખવાનો રહેશે.